# વી. એન્ડ સી. પટેલ ઇંગ્લીશ સ્કુલ

Our pride, empowered child.

વિષય : ગુજરાતી | વાર્ષિક પરીક્ષા – ૨૦૧૮ | તા. : ૧૬-૩-૨૦૧૮

શ્રેણી : ૭ | સમય : ૩ કલાક

કુલ ગુણ : ૮૦

સૂચના :

– જમણી બાજુના આંકડા ગુણ દર્શાવે છે. – બધા જ પ્રશ્નોના ઉત્તર ફરજીયાત છે. – જવાબ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવા.

**પ્ર-૧ નીચે આપેલા ગદ્યખંડને આધારે પ્રશ્નોના ઉત્તરો શોધીને લખો.** ૫

હમણાં હમણાં ઘડિયાળો કોઇ ચોરસ, કોઇ અષ્ટકોણ, કોઇ લંબચોરસ અને જાતજાતના ઘાટની આવે છે. પણ ઘડિયાળો તો ગોળ જ હોય શકે એવો મારા મનમાં પૂર્વગ્રહ બંધાઇ ગયો છે. કોણ જાણે કેમ ગોળ હોય તે જ ઘડિયાળ, બીજી બધી ઘડિયાળની વિકૃતિ – મજાક હોય એમ - મને લાગે છે. નાનપણથી ઘડિયાળની ગોળાકૃતિ જોઇને એની બીજી આકૃતિ હોઇ જ ન શકે એવું મનમાં ભરાઇ ગયું છે. ઘડિયાળ ગોળ હોય તો જ એમાં કાંટાં ઘાંચીની ઘાણીના બળદ પેઠે ફર્યા કરે. ચોરસ કે ખૂણાવાળી ઘડિયાળ હોય તો કાંટા એના ખૂણાંમાં ભરાઇ બેસે અથવા એકાદ ખૂણો તોડી એમાંથી માર્ગ કાઢી નાસી જાય એવું મને લાગે છે. વળી સમયની અનાદ્યનંતા પણ ઘડિયાળની ગોળાકૃતિ વડે જ સૂચવાય છે. ઇશ્વરે મનુષ્યને પોતાની આકૃતિ પ્રમાણે જ ઘડ્યો એમ કહેવાય છે, તે જ પ્રમાણે મનુષ્યે પોતાની મુખાકૃતિ પરથી ઘડિયાળના મુખની આકૃતિ પણ નક્કી કરે છે અને એ આકૃતિ બદલવી એટલે મનુષ્યને ઘડિયાળ વચ્ચેના સામાન્યને ધોકો પહોંચાડવા જેવું છે એમ મને લાગે છે. શૂન્યમાંથી સૃષ્ટિ સરજાઇ એ વાત મીંડા જેવી ઘડિયાળ સમજાવે છે.

– કાકાસાહેબ કાલેલકર

પ્રશ્નો :

૧. ઘડિયાળો કેવા કેવા આકારની આવે છે ? ૨. આ ગદ્યખંડમાં શેની વાત કરવામાં આવી છે.

૩. લેખકના મનમાં કયો પૂર્વગ્રહ બંધાઇ ગયો છે. ૪. ઘડિયાળને કોની સાથે સંબંધ છે. ?

૫. સૃષ્ટિનું સર્જન શેમાંથી થયું છે. ?

**પ્ર-૨ નીચે આપેલ વિષયમાંથી કોઇપણ એક વિષય પર નિબંધ લખો.** ૭

૧. ઋતુરાજ વસંત / વસંતઋતુ ૨. સ્વામી વિવેકાનંદ.

**પ્ર-૩ અ. નીચે આપેલ મુદ્દાઓને આધારે વાર્તા લખો.** ૫

એક ખેડૂત – ચાર દિકરા – ચારેય દિકરા આળસુ – ખેડૂતને ચિંતા – ખેડૂતની માંદગી – ચારેય દિકરાઓને બોલાવવા – "ખેતરમાં રૂપિયા ભરેલા ચરુ છે" એમ કહેવું – ખેડૂતનું અવસાન – દીકરાઓને ખેતર ખોદી કાઢવું – રૂપિયા ન મળવા – બી વાવવાં – સારો પાક થવો – બોધ.

**બ. "સ્વચ્છતાનું મહત્વ" સમજાવતો પત્ર તમારા મિત્રને લખો.** ૫

**પ્ર-૪ અ. નીચે આપેલ પદ્યખંડને આધારે પ્રશ્નોના ઉત્તર લખો.** ૫

કોણે કીધું ગરીબ છીએ ? કોણે કીધું રાંક<br>
કાં ભૂલી જા, મન રે ભોળા ! આપણા જુદા આંક.<br>
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,<br>
એમાં તે શું બગડી ગયું ? એમાં તે શી ખોટ ?<br>
ઉપરવાળી બેન્ક બેઠી છે આપણી માલંમાલ<br>
આજનું ખાણું આજ આપેને કાલની વાતો કાલ.

ધૂળિયે મારગ કૈંક મળે જો, આપણા જેવો સાથ
સુખ દુઃખોની વારતા કે'તા બાથમાં ભીડી બાથ.
સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત;
દોઢિયા માટે દોડતા, એમાં જીવતાં જોને પ્રેત !
માનવી ભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ;
નોટને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ !

— મકરંદ દવે

૧. કાવ્ય કોને સંબોધીને લખાયું છે ?
(અ) બદ્ધિ (બ) ઇશ્વર (ક) મનુષ્ય (ડ) મન

૨. 'ઉપરવાળી બેન્ક' કોને કહી છે ?
(અ) ગરીબને (બ) પૈસાદારને (ક) ઇશ્વરને (ડ) નસીબને

૩. આપણા જેવો સાથ કયા મળશે ?
(અ) પાકા રસ્તે (બ) ગાડા મારગે (ક) સીધા મારગે (ડ) ધૂળિયે રસ્તે

૪. કોને જોઇને વ્હાલ આવે છે ?
(અ) વરસાદ (બ) માનવી (ક) કુદરત (ડ) વનસ્પતિ

૫. નોટને સિક્કા કયા નાખવાની વાત કરી છે ?
(અ) તળાવમાં (બ) નદીમાં (ક) સમુદ્રમા (ડ) સરોવરમાં

**બ. નીચે આપેલ કાવ્યપંક્તિને પૂર્ણ કરો.** ૩

હાથ ગૂંથેલ એના ............ કોડ રે... જનનીની...

**પ્ર-૫ અ. નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (કોઇ પણ છ)** ૬

૧. અખબારો પોતાનો સમાજ ધર્મ કઇ રીતે અદા કરે છે ?
૨. ભૂમિતિનો વિષય ગાંધીજીને સહેલો કેમ થઇ પડ્યો ?
૩. લેખકને બૂટ માટે ઘરમાં કોની-કોની પાસે રજુઆત કરવી પડતી ?
૪. સિંહ અને મગર વચ્ચે યુદ્ધ કેમ થયું ?
૫. કેવાં વૃક્ષ અને માણસ નમે છે ?
૬. સિંહ નદીનાં કાંઠે કેટલા દિવસ બેસી રહ્યો ?
૭. લેખક શાહબુદ્દીન રાઠોડના મતે બૂટ પહેરવાના કયા-કયા પ્રસંગો ગણી શકાય ?

**બ. નીચે આપેલ પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (કોઈ પણ પાંચ)** ૧૦

૧. ગાંધીજીને કયા કારણોસર કસરત પ્રત્યે અણગમો હતો ?
૨. સુરત શહેરમાં કઇ કઇ પરદેશી જાતિઓ આવેલી ?
૩. ભાણાને દુદામામા પર શા માટે ખીજ પડતી ?
૪. દરબાર માત્રવાળાએ સિંહની સેવા-ચાકરી શી રીતે કરી ?
૫. રંગલો કોની કોની સાથે હોડ કરવાની ના પાડે છે ? શા માટે ?
૬. સિંહ નદીના કાંઠે શા માટે બેસી રહ્યો ?

**પ્ર-૬ અ. નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો (કોઇ પણ ચાર)** ૪

૧. માતાના કાળજામાં શું ભરેલું હોય છે ?
૨. સાચો દાતા કોણ છે ?
૩. રા.વિ.પાઠકનું ઉપનામ શું છે ?
૪. ડાળીઓ ક્યારે નમી જાય છે ?
૫. માતાને શાનાથી મીઠી ગણવામાં આવી છે ?

**બ. નીચે આપેલ પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.** ૪

૧. સંત અને અગરબત્તીનો મહિમા શા માટે ગવાયો છે ?
૨. કવિ જલન માતરીના મતે ઉદ્યમી માણસ કેવો હોય ?

ક. નીચે આપેલ પંક્તિનો ભાવાર્થ સમજાવો. ૨

ચેહ ઠરે દુઃખડાં હરે, ઠરી જાય ખટરાગ
પણ ઈરખાની આગ, ઠારે ત્યમ બમણી બળે.

ડ. નીચે આપેલ કાવ્યપંક્તિને પૂર્ણ કરે. ૩

હાથ ગૂંથેલ એનાં ........... કોડ રે.... જનનીની..

પ્ર-૭ અ. યોગ્ય જોડકાં જોડો. ૨

૧. સિંહની દોસ્તી — કવિ બોટાદકર
૨. અખબારીનોંધ — કવિ દલપતરામ
૩. જીવરામ ભટ્ટ — ભાણભાઇ ગીડા
૪. જનની — ડૉ. ચદ્રકાંત મહેતા

બ. યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો. ૨

૧. દરબાર ફળિયામાં ............. ઢાળીને સૂતા હતા.
૨. ફળવાળા ઝાડ નમે કે ............. નમે.
૩. સુરત શહેર ............. નદીના કિનારે આવેલું છે.
૪. 'અખબાર' શબ્દ મૂળ ............ ભાષાનો શબ્દ છે.

ક. નીચે આપેલ વાક્યો કોણ બોલે છે તે લખો. ૩

૧. "આગલું પરમાણું હાથવગું નથી રિયું."
૨. "મારે માટે વાળુય અહીં લેતા આવજો".
૩. જો જો, ભાઇઓ, સૂરદાસજી કાગળ વાંચે છે !

પ્ર-૮ અ. નીચે આપેલ શબ્દોના અર્થ આપો. ૨

અસ્તિત્વ, વેફર, ગરજ, એકલ

બ. નીચે આપેલ શબ્દોના વિરોધી અર્થ આપો. ૨

સત્ય, રાત, ઉત્સાહ, ઈર્ષા

ક. નીચે આપેલ શબ્દોની જોડણી સુધારો. ૨

પરીસ્થિતી, શીકાર, મિથયાભીમાન, સુભાષીતો

પ્ર-૯ અ. નીચે આપેલ રૂઢિપ્રયોગના અર્થ આપો. ૩

૧. ખાતર પડવું ૨. લાજ જવી. ૩. જાનની બાજી લગાવવી.

બ. નીચે આપેલ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. ૨

૧. ઊંડા પાણીવાળી જગ્યા. ૨. બહેનનો દિકરો

પ્ર-૧૦અ. નીચે આપેલ વાકયોના પ્રકાર ઓળખીને બતાવો. ૨

૧. દરબારની સ્મશાનયાત્રામાં સિંહ પણ જોડાયો !
૨. હું બૂટ ક્યારે લઇ જાઉં ?
૩. તાપીનો આ સંગમ કેટલો મનમોહક છે !
૪. "હું ખોટો નથી" એ કેમ સિદ્ધ કરું ?

બ. નીચે આપેલ વાક્યોમાંથી ક્રિયાપદ શોધીને લખો. ૧

૧. જીવરામ ભટ્ટ કાગળ વાંચે છે.
૨. વિદ્યાર્થી વર્ગમાં ભણે છે.